મુસાફરોની સુવિધા માટે રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF)નું એક મહિનાનું અખિલ ભારતીય અભિયાન

અમદાવાદ, રેલવે પ્રોટેક્શન ફોર્સને રેલ્વે સમ્પત્તી, મુસાફરો, પેસેન્જર એરિયા અને તેને લગતી સમસ્યાઓની સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે. મુસાફરોની સરળ મુસાફરીને સુવિધા પ્રદાન કરવા માટે અને તેમનામાં સુરક્ષાની ભાવના જગાડવા માટે, RPF એ મહિના સુધી ચાલવાવાળા અભિયાન શરુ કરવામાં આવ્યા અને (i) મહિલાઓ અને વિકલાંગ વ્યક્તિઓ માટે આરક્ષિત કોચમાં અનધિકૃત પ્રવેશ (ii) વ્યંઢળો દ્વારા ઉપદ્રવ ભીખ માંગવી અને દાદાગીરી થી વસુલી કરનાર અને (iii) સામાન્ય કોચમાં અનાધિકૃત વ્યક્તિઓ દ્વારા સીટ પકડનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી. આ અભિયાન દરમિયાન, મહિલાઓ માટે આરક્ષિત કોચમાં મુસાફરી કરવા/પ્રવેશ કરવા બદલ ૫૧૦૦ થી વધુ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી અને ૬૩૦૦ થી વધુ વ્યક્તિઓની વિકલાંગ વ્યક્તિઓ માટે આરક્ષિત કોચમાં પ્રવેશવા બદલ ધરપકડ કરવામાં આવી હતી અને આવા લોકો સામે રેલ્વે એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યા હતા. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. સંભવિત જોગવાઈઓ હેઠળ લેવામાં આવે છે. આ દરમિયાન આ ગુનેગારો પાસેથી અનુક્રમે ૬.૭૧ લાખ અને ૮.૬૮ લાખ રૂપિયા દંડ તરીકે વસુલ કરવામાં આવ્યા હતા.

કેટલાક વ્યંઢળો ટ્રેનમાં ઉપદ્રવ કરે છે અને મુસાફરો સાથે ગેરવર્તણુક કરે છે તેવી અનેક ફરિયાદો સામે આવી છે. આ ઝુંબેશ દરમિયાન નક્કર પ્રયાસોથી ૧૨૦૦ થી વધુ વ્યંઢળો આવી પ્રવૃતિ કરતા પકડાયા હતા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. તેમની પાસેથી રેલવે એક્ટની જોગવાઈ હેઠળ દંડ તરીકે ૧.૨૮ લાખ રૂપિયાની ૨૬મ વસૂલવામાં આવી હતી. આ ઉપરાંત, લાંબા અંતરની ટ્રેનોના સામાન્ય કોચમાં સીટ કબજે કરવાના જોખમને રોકવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ટુવાલ ફેલાવવા/સીટ કબજે કરવાના કેસમાં સામેલ ૩૬ વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી, તેમની ધરપકડ કરવામાં આવી અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી. આરપીએફને ભવિષ્યમાં પણ આ જ ભાવના સાથે આવા અભિયાનો ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે.

રેલવે તંત્રે લોકોને ટ્રેક ની ઉપર આવેલ હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રીક વાયરથી સાવચેત રહેવાની અપીલ કરી

અમદાવાદ, રેલવે તંત્ર દ્વારા બધા લોકોને જાણ કરવામાં આવે છે કે અમદાવાદ ડિવિઝનના રેલવે લાઈનો પર ૨૫૦૦૦ વોલ્ટના ઓવરહેડ વાયરો લગાવવામાં આવ્યા છે. આ ૨૫૦૦૦ વોલ્ટના વાયરોમાં પતંગની દોરીઓ ફસાઈ હોવાનું જોવામાં આવ્યું છે. રેલવે કર્મચારીઓએ ટ્રેક પર કામ કરતી વખતે આ વાયરોના સંપર્કમાં ન આવે તેની કાળજી લેવી જોઈએ કારણ કે ઈલેક્ટ્રિક શોકને કારણે જીવનું જોખમ રહેલું છે. આ ઉપરાંત સામાન્ય લોકો પણ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવે છે અને ઓવરહેડ વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ કરે છે. તો સૌને વિનંતી છે કે રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવવાનું ટાળો અને રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેકશન વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ ન કરે અને સામાજિક હિતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલું અન્ય લોકોને આ બાબત ની જાણ કરે.

જો કોંગ્રેસ કેન્દ્રમાં આવશે તો પાર્ટી ઓબીસીના લાભ માટે બંધારણમાં સુધારો કરશે : મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી

ભોપાલ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે કહ્યું કે જો તેમની પાર્ટી કેન્દ્રમાં આવશે તો અન્ય પછાત વર્ગ(ઓબીસી)ના લાભ માટે બંધારણ માટે સુધારો કરશે. કમલનાથનું નિવેદન પ્રદેશમાં વિધાનસભા ચુંટણી પહેલા ઓબીસી સમુદાયની વચ્ચે પોતાની પાર્ટીની સ્થિતિ મજબુત કરવાના સંદર્ભમાં જોવામાં આવી રહ્યું છે. પ્રદેશમાં ૨૦૧૩ના અંત સુધી વિધાનસભા ચુંટણી યનાર છે.મધ્યપ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભાજપ સરકાર પર રાજયમાં ઓબીસી સમુદાયને છેંતરપીડી કરવાનો પણ આરોપ લગાવ્યો કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથે સતનામાં ઓબીસી વર્ગના સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે હું વચન આપું છું કે જયારે પણ અમારી સરકાર કેન્દ્રમાં આવશે ત્યારે અમે બંધારણીય સુધારો કરી અમારા પછાત વર્ગની યોગ્ય વસ્તી ગણતરી કરાવશે અને પછાત વર્ગને અનામતનો લાભ સુનિશ્ચિત કરાવશે. રાજયના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે જયારે મધ્યપ્રદેશમાં (૧૮ ડિસેમ્બર ૨૦૧૮થી ૨૩ માર્ચ ૨૦૨૦ સુધી) અમારી સરકાર હતી ત્યારે મેં એવું કહ્યું પાપ કર્યું હતું કે મે પછાત વર્ગને ૨૭ ટકા અનામત આપ્યું પરંતુ ભાજપની નીયત ખરાબ હતી ભાજપે પછાત વર્ગની સાથે છેંતરપીડી કરી અને મામલાને અદાલતમાં લઈ ગઈ પોતાના મુખ્યમંત્રીના કાર્યક્રાળ તરફ ઇશારો કરતા કમલનાથે કહ્યું કે ત્યારે ૧૫ વર્ષ બાદ રાજયમાં કોંગ્રેસની સરકાર બની હતી. જયારે હું મુખ્યમંત્રી હતો ત્યારે અમે સાફ નીયત અને નીતિનો પરિચય આપ્યો હતો તેમણે કહ્યું કે વર્ષ ૨૦૦૩થી લઈ અત્યાર સુધી ભાજપે ૧૮ વર્ષ શાસન કર્યું છે. ૧૮ વર્ષમાં અને ખાસ કરીને ગત ૩ વર્ષમાં પોતાના (ભાજપ) મધ્યપ્રદેશને શું આપ્યું.મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ૨૦,૦૦૦ જીલ્લેરાતો કરી સ્માર્ટ સિટીના નામ પર કરોડોનું કૌભાંડ કર્યું આ સ્માર્ટ સિટીની નહીં આ સ્માર્ટ કૌભાંડની વાત છે. કમલનાથે આરોપ લગાવ્યો કે શિવરાજ સિંહ ચૌહાણ તો પોતે કહે છે કે હું (ચૌહાણ) તો જીહેરાત મશીન છું,શિવરાજ સિંહ ચૌહાણ જીહેરાત મશીન તો છે આ સાથે ખોટું બોલવાનું પણ મશીન છે.તે જો દિવસ ભર ખોટું ન બોલે અને કમલનાથની ટીકા ના કરે તો તેમનું ભોજન હજમ થતુ નથી.

પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જયારે ભારત જોડો યાત્રા શરૂ કરી તો તેમણે કહ્યું હતું કે આ યાત્રાનું કોઈ રાજનીતિક લક્ષ્ય નથી આ યાત્રા તો દેશને જોડવાની સંસ્કૃતિને બચાવવાની યાત્રા છે કમલનાથે કહ્યું કે આપણે આઝાદી તો પ્રાપ્ત કરી લીધી પરંતુ જયાં સુધી આપણા દેશમાં યોગ્ય વસ્તીગણતરી થશે નહીં આપણા પછાત વર્ગની યોગ્ય ઓળખ થશે નહીં

ચીનના જિયાંગસી પ્રાંતમાં રોડ અકસ્માત, ૧૭ના મોત

બેઈજિંગ, દક્ષિણ ચીનમાં રવિવારે સવારે એક માર્ગ અકસ્માતમાં ૧૭ લોકોના મોત થયા છે અને ૨૨ લોકો ઘાયલ થયા છે. ચીનના વાર્ષિક ચંદ્ર નવા વર્ષ પર, લોકો રજાઓ પર બહાર જાય છે, જેના કારણે શેરીઓમાં ભીડ હોય છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. સ્થાનિક ટ્રાફિક મેનેજમેન્ટ બ્રિગેડના જણાવ્યા અનુસાર, આ અકસ્માત જિયાંગસી પ્રાંતના નાનચાંગ શહેરની બહારના ભાગમાં થયો હતો. બ્રિગેડે જણાવ્યું હતું કે તે સ્પષ્ટ નથી કે કેટલા અથવા કયા પ્રકારનાં વાહનો સામેલ હતા અને કારણની તપાસ ચલાવવામાં આવી રહી છે. આવા અકસ્માતો મોટાભાગે ડ્રાઈવરની થાક અને નબળી જાળવણીવાળા વાહનો અથવા ઓવરલોડ વાહનોને કારણે થાય છે, પરંતુ કડક નિયમોને કારણે તાજેતરના વર્ષોમાં તેમની ઘટનાઓમાં ઘટાડો થયો છે. વાહનોની સ્થિતિ પર દેખરેખ રાખવાના પ્રયાસો અને રજા દરમિયાન ડ્રાઈવરો અને મુસાફરોની સંખ્યામાં વધારો કરવામાં આવે છે, કારણ કે ચંદ્ર નવું વર્ષ એ ચીનમાં કુટુંબના પુનઃમિલન માટે એક મહત્વપૂર્ણ વાર્ષિક પ્રસંગ છે અને લાખો વિદેશીઓ તેમના વતન પરત ફરે છે.

પિતા ગુમ, શકમંદ ઝડપાઈ ગયો

ત્રણ દિવસથી ગુમ બાળકીની રહસ્યમય સંજોગોમાં લાશ મળી

બાળકીની લાશ મળી આવતા અનેક તર્કવિતર્કો શરૂ થયા

રાજકોટ, શહેરમાં એક ચોંકાવનારો અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે. રહસ્યમય સંજોગોમાં એક અઢી વર્ષની બાળકીની લાશ મળી આવી છે. આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કોઠારીયા નજીક બાવળની જાડી જાખરામાંથી એક માસુમ બાળકીની લાશ મળી આવી છે. છેલ્લા ત્રણ દિવસથી બાળકી અને તેના પિતા રહસ્યમય રીતે ગુમ હતા, ત્યારે ત્રણ દિવસ બાદ પિતા હજુ પણ ગુમ છે અને બાળકીની લાશ રહસ્યમય સંજોગોમાં મળી આવતા અનેક તર્કવિતર્કો શરૂ થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કોઠારીયા નજીક બાવળના જાડી જાખરામાંથી અઢી વર્ષની બાળકીની લાશ રહસ્યમય સંજોગોમાં મળી આવી છે. ઘટનાની જાણ થતા તાત્કાલિક અસરથી પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. તેમજ જરૂરી પંચનામાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ બાકીની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાં આવેલા પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી.

બાળકીનું પીએમ પૂર્ણ થયા બાદ બાળકીની લાશને તેના પરિવારજનોને સોંપવામાં આવી છે. પીએમ રિપોર્ટમાં બાળકીના મૃત્યુ મામલે શું કારણ સામે આવે છે, તે જોવું અતિ મહત્વનું બની રહેશે.

ડીસીપી સજ્જન સિંહ પરમારની લોકલ કાઈમ બ્રાન્ચની ટીમના પીએસઆઈ ભરત બોરીસાગર અને તેમની ટીમ દ્વારા શકમંદ આરોપીને ગાંધીનગર તરફથી ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. શકમંદ આરોપીની પૂછપરછમાં શા માટે તેને આ પ્રકારનું ગુનાહિત કૃત્ય આચર્યું હતું, તે સહિતની તમામ વિગતો મેળવવામાં આવશે. તેમજ પોલીસને યોગ્ય પુરાવા મળતા સમગ્ર મામલે આરોપીની ધરપકડ સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

જાણવા મળતી વિગતો અનુસાર, મૃતક બાળકીનું નામ અનન્યા અમિતકુમાર ગોંડા હોવાનું સામે આવ્યું છે. તેમજ બાળકીનો પિતા શાપર વેરાવળ ખાતે મજૂરી કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હોવાનું પણ સામે આવ્યું છે. આ પરિવાર મૂળ ઉત્તર પ્રદેશનો છે અને અમિતકુમાર ગોંડા બાળકીનો સાવકો પિતા હોવાનું પણ સામે આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પૂર્વે જામનગરમાં એક પિતાએ જ પોતાની પત્ની અને પુત્રીની હત્યા નીપજાવી હોવાનું સામે આવ્યું હતું. પત્ની અને પુત્રીની હત્યા કર્યા બાદ હત્યારો આરોપી રાજકોટ નાસી આવ્યો હતો. જોકે, અહીં એ ડિવિઝન પોલીસ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી.

કર્ણાટકમાં હિજાબ પર પ્રતિબંધથી સરકારી કોલેજોમાં મુસ્લિમ વિદ્યાર્થીઓની સંખ્યા અડધી થઈ

બેંગ્લુરૂ, કર્ણાટક હિજાબ વિવાદ વિરોધ બાદ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો હતો જેમાં કહ્યું કે હિજાબ ધાર્મિક રીતે ફરજિયાત નથી, તેથી તેને શૈક્ષણિક સંસ્થાઓમાં પહેરી શકાય નહીં.હિજાબ વિવાદ પર કર્ણાટક હાઈકોર્ટે આપેલા ચુકાદાની અસર થઈ હોય કે ન થઈ હોય, પરંતુ કર્ણાટકના ઉડુપી જિલ્લામાં તેની નોંધપાત્ર અસર જોવા મળી હતી. હિજાબ પર હાઈકોર્ટના આદેશ બાદ સરકારી કોલેજોમાં લઘુમતી વિદ્યાર્થીઓની સંખ્યામાં ૫૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે. લોકો ખાનગી પ્રાથમિક શિક્ષક થવા લાગ્યા છે. એક ખાનગી ન્યુઝ એજન્સીના અહેવાલ મુજબ, કર્ણાટકના ઉડુપીની તમામ પ્રી-યુનિવર્સિટી કોલેજોમાં ધોરણ ૧૧માં પ્રવેશ કરનારા મુસ્લિમ વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ સમાન છે (૨૦૨૧-૨૨માં ૧૨૯૬ અને ૨૦૨૨-૨૩માં ૧૩૨૦). જ્યારે સરકારી કોલેજોમાં તેમની સંખ્યા પાછલા વર્ષોની સરખામણીમાં અડધી થઈ ગઈ છે.

આંકડા મુજબ ૨૦૨૧-૨૨માં ૩૮૮ મુસ્લિમ વિદ્યાર્થીઓએ સરકારી કોલેજોમાં એડમિશન લીધું હતું. જ્યારે ૨૦૨૨-૨૩માં માત્ર ૧૮૯ વિદ્યાર્થીઓએ સરકારી કોલેજોમાં પ્રવેશ લીધો છે. તેમાંથી પણ જો આપણે જાતિ વિશે વાત કરીએ, તો આ આંકડો વધુ ચૌંકાવનારો છે. ગયા વર્ષે (૨૦૨૧-૨૨) ૧૭૮ની સરખામણીમાં આ વર્ષે (૨૦૨૨-૨૩) માત્ર ૯૧ મુસ્લિમ છોકરીઓએ જ સરકારી કોલેજોમાં પ્રવેશ લીધો છે. તે જ સમયે, છોકરાઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. ગયા સત્રમાં આ સંખ્યા ૨૧૦ હતી, જ્યારે આ સત્રમાં માત્ર ૯૫ હતી. આ વર્ષે ૯૨૭ વિદ્યાર્થીઓએ ખાનગી કોલેજોમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે ગત વર્ષે ૬૬૨ મુસ્લિમ વિદ્યાર્થીઓએ ખાનગી કોલેજોમાં પ્રવેશ મેળવ્યો હતો. આ ઉપરાંત ખાનગી કોલેજોમાં મુસ્લિમ છોકરા-છોકરીઓના પ્રવેશમાં પણ ઉછળો આવ્યો છે. ગયા વર્ષે ૩૩૪ની સામે આ વર્ષે ૪૪૦ છોકરાઓએ ખાનગી કોલેજોમાં પ્રવેશ લીધો હતો. બીજી તરફ જો છોકરીઓની વાત કરીએ તો ગત વર્ષે ૩૨૮ છોકરીઓએ ખાનગી કોલેજોમાં એડમિશન લીધું હતું, જ્યારે આ વર્ષે ૪૭૭ મુસ્લિમ યુવતીઓએ ખાનગી કોલેજોમાં એડમિશન લીધું હતું. જ્યારે ૨૦૨૨-૨૩માં ૧૭૬ વિદ્યાર્થીનીઓને ક્લાસમાં આવવાથી અટકાવવામાં આવી હતી. આ પછી કોલેજની બહાર દેખાવો શરૂ થયા અને મામલો ચર્ચામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓએ કહ્યું હતું કે તે માત્ર હિજાબ પહેરીને જ સ્કૂલમાં આવશે, પરંતુ કોલેજ પ્રશાસને તેની મનાઈ કરી હતી. ઘણા દિવસોના વિરોધ બાદ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટે કહ્યું કે હિજાબ ધાર્મિક રીતે ફરજિયાત નથી, તેથી તેને શૈક્ષણિક સંસ્થાઓમાં પહેરી શકાય નહીં. કોર્ટે સરકારને આદેશ પસાર કરવાનો અધિકાર પણ આપ્યો હતો. પરંતુ આ મામલો અહીં જ ન અટકલો, સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો. આ કેસની સુનાવણી પણ અહીં થઈ હતી. સુપ્રીમ કોર્ટની બે જજની બેન્ચે વિભાજિત ચુકાદો આપ્યો હતો. આ પછી મામલો મોટી બેંચ સુધી પહોંચ્યો હતો. હવે જ્યાં સુધી મોટી બેંચ આ મામલે કોઈ નિર્ણય નહીં આપે ત્યાં સુધી કર્ણાટક હાઈકોર્ટનો નિર્ણય અમલમાં રહેશે.

આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે પર સ્લીપર બસ DCM સાથે અથડાતા અકસ્માત સર્જાયો

ઉન્નાવ, ગાઢ ધુમ્મસ અને ડ્રાઈવરની ચૂક સતત આફત બનીને લોકોના જીવ લઈ રહી છે. ઉન્નાવમાં આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પર બસ ડ્રાઈવરે પાછળથી ડીસીએમ વાહનને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બસમાં મુસાફરી કરી રહેલા ૪ લોકોના મોત થયા હતા, જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા હતા. અકસ્માતગ્રસ્ત સ્લીપર બસ રાજકોટથી ઝુજરાતના લખીમપુર ખેરી જઈ રહી હતી. એવી આશંકા છે કે બસ ડ્રાઈવર ઊંઘમાં હતો અને આગળ વાહન જોઈ શકવો ન હતો. જેના કારણે બસ સીધી ડીસીએમ સાથે અથડાઈ હતી. માર્ગ અકસ્માતની માહિતી મળતાની સાથે જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. મળતી માહિતી મુજબ આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પર થયેલા અકસ્માતમાં માર્યા ગયેલા ૪ લોકોમાં ૩ મહિલા અને એક પુરૂષનો સમાવેશ થાય છે. તે જ સમયે, અકસ્માતમાં ૧૦ થી વધુ મુસાફરોને ઈજા થઈ હોવાની પણ માહિતી છે. ઘાયલોને લખનૌના ટ્રોમા સેન્ટર અને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એવી આશંકા છે કે બસ ડ્રાઈવર સૂઈ ગયો હતો, જેના કારણે બસ ઔરસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીસીએમ સાથે અથડાઈ હતી. આ મામલે પ્રાથમિક કાર્યવાહી કરીને સ્થાનિક પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. જણાવી દઈએ કે આ સમયે ઉત્તર પ્રદેશના ઘણા ભાગોમાં તીવ્ર ઠંડી સાથે ગાઢ ધુમ્મસ પણ છે. ગાઢ ધુમ્મસના કારણે અકસ્માતના અહેવાલો પણ છે. કર્ણોજમાં એક બચાનક માર્ગ અકસ્માત થયો હતો, જેમાં ૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ અકસ્માતમાં ૧૮ મુસાફરો ઘાયલ થયા છે, જેમાંથી ૫ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. માર્ગ અકસ્માત રવિવારે રાત્રે થયો હતો. એક ખાનગી સ્લીપર બસ દિલ્હીથી લખનૌ જઈ રહી હતી. બસને થથિયા પોલીસ સ્ટેશન વિસ્તાર નજીકના પિપ્રોલી ગામમાં અકસ્માત નડયો હતો. કહેવાય છે કે બસમાં કુલ ૪૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, બસ ખૂબ જ તેજ ગતિએ જઈ રહી હતી અને અચાનક કાબૂ ગુમાવી દીધો અને અકસ્માત થઈ ગયો. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

ગ્રેડિયેન્ટ મીડિયા અને મનોરંજનમાં રૂ. ૧૧ બિલિયનની વિસ્તરણ યોજનાનું અનાવરણ કર્યું

અમદાવાદ, Gradiente Infotainment Limited (Gradiente), એ મીડિયા અને મનોરંજન ઉદ્યોગમાં INR ૧૧ બિલિયન (૧,૧૦૦ કરોડ) ના પ્રોજેક્ટ આઉટલે સાથે કલાકોની જરૂરિયાત મુજબના વિસ્તરણ અને વૈવિધ્યકરણ યોજનાની શરૂઆત કરી છે. આ વ્યૂહાત્મક પગલાના મુખ્ય અને અભિન્ન ભાગ તરીકે, કંપની ઓવર-ધ-ટોપ (OTT) પ્લેટફોર્મ સેટ કરી રહી છે અને એપ્લિકેશન વિકસાવવામાં આવી છે અને જાન્યુઆરી ૨૦૨૩ ના અંત સુધીમાં રોલ-આઉટ માટે તૈયાર છે. Gradiente ની યોજનાઓ નવી ઓફિસ બિલ્ડીંગ, ડિજિટલ સ્ટુડિયો, લાઈસન્સ પ્રાપ્ત સોફ્ટવેર, તાજા સામગ્રી, સાયબર સુરક્ષા અને વધુ સાથે માળખાકીય વૃદ્ધિને સમાવે છે. કંપની ડિજિટલ સ્ટુડિયો માટે સંભવિત સહયોગ અને JV/JO માટે વિદેશી મનોરંજન કંપનીઓ અને સ્ટુડિયો સાથે વાતચીત કરી રહી છે.

Gradiente Infotainment Limited (GRADIENTE) એ RDG પ્રોડક્શન્સ પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈને હસ્તગત કરવાની દરખાસ્ત કરી છે, જે હાલમાં મૂવીઝ,વેબ-સિરીઝ, ટીવી-સિરિયલ્સ વગેરેના નિર્માણમાં રોકાયેલ છે, અને વિશાળ સબ્સ્ક્રાઈબર સાથે ૧૨ વર્ષની કામગીરીનો ટ્રેક રેકોર્ડ પરાવે છે. પાયો. RDG એ તેના એન્ટરટેઈનમેન્ટ સોફ્ટવેરનો અંદાજ INR 400 મિલિયન (અંદાજે) કર્યો છે, જેમાં ૨૭૩,૦૦૦ અને ૫૧,૭૨૮,૮૧૩ વ્યુઝના સબ્સ્ક્રાઈબર બેઝ પરાવતી 8 YouTube ચેનલ્સનો સમાવેશ થાય છે, અને તેમાં OTT પ્લેટફોર્મ ફ્રેમવર્કનો સમાવેશ થાય છે. કંપની ઈક્વિટી સ્વેપ દ્વારા, INR 100 મિલિયનના એન્ટરપ્રાઈઝ મૂલ્ય પર RDGમાં બહુમતી હિસ્સો હસ્તગત કરવાની દરખાસ્ત કરી રહી છે. –

આર્સેનલ ફૂટબોલ ક્લબના સહયોગથી ફૂટબોલ ચેમ્પિયનશિપનું કરવામાં આવ્યું આયોજન

અમદાવાદ, એક્સ્ટ્રામાર્ક્સ નવા યુગના ડિજિટલ લર્નિંગ સોલ્યુશન્સનો અગ્રણી ગ્લોબલ પ્રોવાઈડર આર્સેનલ ફૂટબોલ ક્લબના સહયોગથી યુથ ફૂટબોલ ચેમ્પિયનશિપનું આયોજન ધ એક્લિપ્સ સ્પોર્ટ્સ ટર્ફ એકેડમી ન્યૂ અલકાપુરી, લક્ષ્મીપુરા, વડોદરા ખાતે કરવામાં આવ્યું જે દેશની પ્રથમ ઈન્ટરસ્કૂલ ફૂટબોલ ટુર્નામેન્ટ છે. આ સ્પર્ધા દ્વારા દેશભરની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મોટા સ્તરે રમવાની તક પૂરી પાડવામાં આવી છે. જે અંડર-૧૫ છોકરાઓ અને છોકરીઓની કેટેગરી માટે છે જેમાં ૪ રોમાંચક તબક્કામાં ૩૫ શહેરોમાં મેચો યોજાશે જેમાં ફાઈનલિસ્ટને લંડનના આઈકોનિક એમિરેટ્સ સ્ટેડિયમમાં ફાઈનલ મેચ રમવાની અવિસ્મરણીય તક મળશે. એક્સ્ટ્રામાર્ક્સ એજ્યુકેશન વેસ્ટ ઈન્ડિયાના બિઝનેસ હેડ શૈશવ કાયસ્થએ જણાવ્યું હતું કે, "એક્સ્ટ્રામાર્ક્સ ભારતની શાળાઓમાં વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ નહીં પરંતુ રમતગમતમાં પણ સમાન તકો આપવા માટે સૌથી વિશ્વસનીય અને શ્રેષ્ઠ વિષય જરૂરી પ્રોવાઈડ કરે છે. એક્સ્ટ્રામાર્ક્સે સમગ્ર દેશના વિદ્યાર્થીઓને ફૂટબોલમાં ભાગ લેવાની અને એમિરેટ્સ સ્ટેડિયમ લંડન ખાતે ફાઈનલ રમવાની તક આપી છે. એક્સ્ટ્રામાર્ક્સનો અભ્યાસ ડિજિટલ માધ્યમથી કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે." (૧૯-૮)

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

મહત્તી સેક્શન ઇલેક્ટ્રિલ એક્સલ કાઉન્ટર ઉપકરણોના વિવિધ કાર્યો

ટેન્ડર નોટીસ નં. S&T/BRC/22-23/35/SIG
તા. 06-01-2023

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ કર્મચારી ટેન્ડર નં. SandT_BRC_22-23_35_SIG. મતિ ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. વિગતે તેમની ઓફર/સૂચિઓની કિંમત અંગે ચલણી તારીખ અને સમય સુધી જમા કરાવવા સમર્પ કરશે. આ ઈન્ટર સાથે મેન્યુઅલ બોક્સમાં માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ મેન્યુઅલ બોક્સમાં પ્રાપ્ત થયેલ હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (1) **કામનું નામ તેના સ્થળ સહિત:** પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના વોચાણગામ અને પાનોલી સેક્શનો ખાતે મહત્તી સેક્શન ડિઝીલ એક્સલ કાઉન્ટર (MSDAC) ઉપકરણની આપૂર્તિ, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગ. (2) **બયની અંદાજીત કિંમત:** ₹ 6,58,99,395.10 (3) **જમા કરાવવાની અનામત મની ડિપોઝીટ:** ₹ 4,79,500.00 (4) **ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** તા.06-02-2023 ના 15:00 કલાક અને તા.06-02-2023 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **સેમલાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જમાવી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વેબસેટ: http://www.ireps.gov.in** સિનીયર ડિવિઝનલ ફિનાન્સ એન્ડ રેલવીઝ્યુનિયન એન્ક્વાયરી, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડિમાઝમેન્ટ એક્ષીક્યુટીવ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.

BRC-213

અમને મોકો આપો twitter.com/WesternRly

ICICI Home Finance

કોર્પોરેટ ઓફીસ : આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ આઇસીઆઇસીઆઇ એકસેન્ડસી ટાવર, એંસેરી-કુલાં રોડ, એંસેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૯૯, ભારત.

શાખા ઓફીસ : લોકમ નં. ૨, પહેલો માળ, ઓફીસ નં. બી-૧૨૦, શાંતિનિકેતન બિઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦

(જુઓ નિયમ ૮(૬)ની બેગવાઇઝો)

સ્વાવર મિલકતોના વેચાણ માટે નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ઠેહળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને બહોદ જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ઠેહળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને બહોદ જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ઠેહળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ.

| ક્રમ નં. | દેવાદાર, સહ-દેવાદાર/જામીનદારો / ગેરાનુની વારસદારોનાં નામ / લોન એકાઉન